पुणा International School

Shree Swaminarayan Gurukul, Zundal

# Grade -V

# Gujarati

# Specimen

# copy

# Year- 2021-22

# અનુક્રમણિકા


| ક્રમ | એકમ | પૃષ્ઠ |
|---|---|---|
| 3 | સાચું તીર્થ | 3 |
| 4 | ચાંદલો ગમે | 6 |

# પાઠ-3 સાચું તીર્થ



- **અઘરા શબ્દો**

| | | | |
|---|---|---|---|
| 1) | ડુંદાળા | 2) | ફાળ |
| 3) | બેઉ | 4) | મલક્યા |
| 5) | પ્રદક્ષિણા | 6) | અજબ |
| 7) | લોથપોથ | 8) | સિંહાસન |

- **શબ્દાર્થ**

| | | | |
|---|---|---|---|
| 1) | ડુંદાળા | = | મોટી ફાંદવાળા |
| 2) | ફાળ | = | લાંબોકૂદકો |
| 3) | બેઉ | = | બંને |
| 4) | મલક્યા | = | મંદ સ્મિત કર્યું |
| 5) | પ્રદક્ષિણા | = | વસ્તુ કે વ્યક્તિને જમણી બાજું રાખીને આસપાસ ફરવું |
| 6) | અજબ | = | નવાઇ પમાડે તેવું |
| 7) | લોથપોથ | = | બહું થાકી ગયેલું |
| 8) | સિંહાસન | = | સિંહની આકૃતિવાળું આસન |

## સ્વાધ્યાય

- **સાહિત્ય**

પ્ર-1 નીચેના પ્રશ્નોનાં જવાબ એક વાક્યમાં લખો.

1) કાર્તિકેય અને ગણેશ કોના દીકરા હતા?

જ) કાર્તિકેય અને ગણેશ માતા પાર્વતી અને પિતા શંકર ભગવાનના દીકરા હતા.

2) કાર્તિકેય કોના જેવી ઝડપે દોડતા હતા?

જ) કાર્તિકેય હરણ જેવી ઝડપે દોડતા હતા.

3) ગણેશજીએ અડસઠ તીર્થ કોને માન્યા?

જ) ગણેશજીએ અડસઠ તીર્થ પોતાના માતા – પિતાને માન્યા.

## પ્ર-2 નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.

1) ગણેશ અને કાર્તિકેયને લડતાં જોઈ ઉમિયાજી શું બોલ્યાં?

જ) ગણેશ અને કાર્તિકેયને લડતા જોઈ ઉમિયાજી બોલ્યાં કે "તમે બેઉ એકસાથે નીકળીને આખી દુનિયા ફરી આવો. અડસઠ તીર્થ કરી આવો. બે મા જે પહેલો ઘરે આવે તે જબરો."

2) ગણેશ અને કાર્તિકેયમાં કોની બુદ્ધિ અજબ લાગી ? કેવી રીતે?

જ) ગણેશ અને કાર્તિકેયમાં ગણેશની બુદ્ધિ અજબ લાગી. કેમ કે તેમણે માતા- પિતાની પ્રદક્ષિણા કરી અને ' માતૃદેવો ભવ:' અને ' પિતૃદેવો ભવ:' કહ્યુ, અને આવી રીતે અડસઠ તીર્થની યાત્રા કરી.

3) પ્રદક્ષિણામાં સોથી પહેલું કોણ આવ્યું? કેવી રીતે?

જ) પ્રદક્ષિણામાં સોથી પહેલા ગણેશજી આવ્યાં. તેમણે માતા- પિતાને અડસઠ તીર્થ માની અને તેમની પ્રદક્ષિણા કરી.

4) ગણેશજીએ કાર્તિકેયનાં પ્રશ્નનો શો ઉતર આપ્યો?

જ) ગણેશજીએ કાર્તિકેયનાં પ્રશ્નનો શો ઉત્તર આપતાં કહ્યુ કે " જીવતાં તીર્થ તે મા- બાપ" એમની પૂજા કરી એટલે અડસઠેય તીર્થ મને ફળ્યાં.

## પ્ર-5 નીચેનાં વિધાનોમાં સારી બાબત સામે (✓) અને નરસી બાબત સામે (×) કરો.

1) ગણેશે માતા- પિતાની પૂજા કરી. (✓)

2) ધર્મરાજ પુસ્તકનાં પાનાં ફાડે છે. (×)

3) શબનમ માતાને ઘરકામમાં મદદ કરે છે. (✓)

4) પંક્તિ ચંપલ આડાં અવળાં મૂકે છે. (×)

- <u>વ્યાકરણ</u>

## પ્ર-7 નીચેના દરેક શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

1) મોટી ફાંદવાળા = ફુંદાળા

2) કોઈપણ વસ્તુ કે વ્યક્તિની આસપાસ ફરવું તે = પ્રદક્ષિણા

3) પવિત્ર ધર્મસ્થાનની શ્રધ્ધાપૂર્વક યાત્રા કરવી તે = તીર્થયાત્રા

4) સિંહની આકૃતિવાળું આસન = સિંહાસન

- પ્રવૃત્તિ

## કોઇ એક ધાર્મિક સ્થળની મુલાકાત લો અને તેના વિશે પાંચ વાક્ય લખો.

# પાઠ- 4 ચાંદલો ગમે

- જયંત શુક્લ



➢ **અઘરા શબ્દ**

| | | | |
|---|---|---|---|
| 1) | આભલે | 2) | સંધ્યા |
| 3) | સોબત | 4) | ઘનઘોર |
| 5) | માનવ – મહેરામણ | | |

➢ **શબ્દાર્થ**

| | | | |
|---|---|---|---|
| 1) | આભલે | = | આકાશમાં |
| 2) | સંધ્યા | = | સૂર્યાસ્ત પછીનો સાંજનો ઉજાસ |
| 3) | સોબત | = | એક બીજાની સાથે રહેવું |
| 4) | ઘનઘોર | = | વાદળોથી ઘેરાયેલું |
| 5) | માનવ - મહેરામણ | = | માણસોનો વિશાળ સમૂહ |
| 6) | છોરાં | = | છોકરાં |

## સ્વાધ્યાય

➢ **સાહિત્ય**

પ્ર-1 નીચેના પ્રશ્નોનાં જવાબ એક વાક્યમાં લખો.

1) નાના મોટા તારા કોની આસપાસ રમે છે?

જ) નાના મોટા તારા ચાંદાની આસપાસ ફરે છે.

2) સૂરજનો તડકો કઈ ઋતુમાં વધારે ગમે છે?

જ) સૂરજનો તડકો શિયાળાની ઋતુમાં વધારે ગમે છે.

3) ઉનાળે કોની સોબત ખૂબ ગમે છે?

જ) ઉનાળે સંધ્યાની સોબત ગમે છે.

## પ્ર-2 નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.

1) વીજળીનાં ચમકારા કેમ ગમે છે? ક્યારે?

જ) ચોમાસામાં આકાશમાં ઘનઘોર વાદળ છવાય છે અને એનાં કારણે આકાશમાં વીજળીનાં ચમકારા થાય છે. ચોમાસાનાં કારણે વીજળીનાં ચમકારા ગમે છે

2 ) છોડવા ક્યાં-ક્યાં જોવા મળે છે?

જ) છોડવા ધરતીનાં ખોળામાં જોવા મળે છે.એની આસપાસ પાંદડા અને છોડવા રમે છે.

## પ્ર-2 નીચેના ઋતુઓ વિશે ત્રણ- ત્રણ વાક્યો લખો.

1) ચોમાસું- ચોમાસામાં ખુશનુમા વાતાવરણ હોય છે.
ચોમાસામાં ગરમી- ઠંડી લાગે છે.
વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધે છે.

2) શિયાળો- શિયાળામાં ઠંડી વધારે લાગે છે.
શિયાળામાં સૂરજનો તડકો ગમે છે.
શિયાળામાં વાતાવરણ ખૂબજ સરસ લાગે છે.

3) ઉનાળો- ઉનાળામાં ગરમી / તડકો લાગે છે.
વાતાવરણમાં ગરમીનું પ્રમાણ વધે છે.
ઉનાળામાં ફળોનાં જ્યુસ પીવાની મજા પડે છે.

➢ <u>વ્યાકરણ</u>

પ્ર-5 નીચેની ખાલી જગ્યામાં કૌંસમાંથી અક્ષર મૂકી નવા શબ્દો બનાવો.

( ભ, ન, જ, ર, ગ, ત )

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1) | <u>ન</u> મે | 2) | <u>ભ</u> મે | 3) | <u>જ</u> મે |
| 4) | <u>ર</u> મે | 5) | <u>ગ</u> મે | 6) | <u>ત</u> મે |

પ્ર-6 નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.

1) ધરતી = પૃથ્વી
2) તડકો = પ્રકાશ
3) પાંદડું = પાન
4) સોબત = સંગ
5) માનવ = મનુષ્ય

➢ પ્રવૃત્તિ

ચિત્રમાં રંગ પૂરો અને ચાંદામામા વિશે પાંચ વાક્ય લખો.

